વર્ષ ૨૦૨૬-૨૭

ચાલુ બાબત

૧. રાજ્યની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને (અ) દૂધઘર / ગોડાઉન બાંધકામ સહાય, (બ) ગાભણ પશુઓને ખાણ દાણ સહાય અને (ક) પશુપાલકોના પશુઓના વિયાણ બાદ ખાણદાણ સહાયની પ્રોત્સાહક યોજના

૨. દૂધાળા પશુઓની જાળવણીની યોજના અંતર્ગત પશુપાલન નિયામકની કચેરી ડેરી વિકાસ તંત્ર(પ્રભાગ)ની પુન:રચના

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક : ACD/MIS/e-file/2/2024/3740/P1

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:-**

૧. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/MIS/e-file/2/2024/3740/P1,તા.૧૦-૧૦-૨૦૨૫

૨. પશુપાલન નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: DOAH/0798/02 /2026. તા.૧૮.૦૩.૨૦૨૬

**<u>આમુખ</u>:-**

વંચાણે લીધા-(૧) પરના ઠરાવથી રાજ્યમાં ડેરી વિકાસ કાર્યક્રમો અંતર્ગત રાજ્યની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને પશુપાલકોને ડેરી વિષયક સહાયની પ્રોત્સાહક યોજનાને વર્ષ:૨૦૨૫-૨૬ માં ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ. વંચાણે લીધા-(૨) પરના પત્રથી પશુપાલન નિયામકશ્રીની કચેરી દ્વારા સદર ચાલુ બાબત માટે અંદાજપત્રમાં થયેલ જોગવાઇની મર્યાદામાં વહીવટી મંજૂરી મેળવવા અત્રે દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>

વિચારણાના અંતે રાજ્યમાં ડેરી વિકાસ કાર્યક્રમો અંતર્ગત રાજ્યની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને (અ) દૂધઘર / ગોડાઉન બાંધકામ સહાય, (બ) ગાભણ પશુઓને ખાણ દાણ સહાય અને (ક) પશુપાલકોના પશુઓના વિયાણ બાદ ખાણદાણ સહાયની પ્રોત્સાહક યોજના(રૂ.૩ કરોડ+ રૂ.૪૭ કરોડ), દૂધાળા પશુઓની જાળવણીની યોજના અંતર્ગત પશુપાલન નિયામકની કચેરી ડેરી વિકાસ તંત્ર(પ્રભાગ)ની પુન:રચના માટે(રૂ.૦.૧૬ કરોડ) સને ૨૦૨૬-૨૭ના વર્ષ માટે કુલ **રૂ.૫૦.૧૬ કરોડ** (અંકે રૂપિયા પચાસ કરોડ સોળ લાખ પુરા)ની અંદાજપત્રમાં થયેલ જોગવાઇ તેમજ નીચે દર્શાવેલ શરતો-બોલીઓ તથા આ ઠરાવના પરિશિષ્ઠમાં નિર્દિષ્ઠ શરતો-બોલીઓને આધીન ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

**<u>૨. શરતો અને બોલીઓ:</u>**

1. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ પછી કરવાનો રહેશે. નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તેની સંપૂર્ણ જવાબદારી પશુપાલન નિયામકશ્રીની કચેરીની રહેશે.

2. આ યોજના હેઠ્ળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી પશુપાલન નિયામકશ્રીની કચેરીની રહેશે.

3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

4. ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

5. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

6. પશુપાલન નિયામકશ્રીની કચેરીએ નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.

7. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

8. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

9. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

10. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

11. જો કોઇ કેંદ્રિય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળેથી જ ખરીદી કરવાની રહેશે.

12. સદર યોજના હેઠળની જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

13. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

14. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

15. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

16. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

17. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

18. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

19. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

20. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૩. આ અંગેનું ખર્ચ નીચે જણાવેલ બજેટ સદરે ઉધારવાનું રહેશે.

માંગણી નં. - ૪

સેકટર - (ગ)-આર્થિક સેવાઓ

સબ સેકટર - (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ

મુખ્ય સદર - ૨૪૦૪: ડેરી વિકાસ

ગૌણ સદર - ૦૦૧: નિર્દેશ અને વહીવટ

પેટા સદર - (૦૩) : ડી.એમ.એસ.-૧ રાજ્યમાં ડેરી વિકાસ કાર્યક્રમો

૪. નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર પશુપાલન નિયામકશ્રીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણાં વિભાગના વખતો વખતના અદ્યતન ઠરાવ વિગેરે સંબંધિત તમામ સૂચનાઓને પણ ધ્યાને લઈને ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા સલાહકારશ્રી(કૃષિ) અને અધિક મુખ્ય સચિવશ્રી(પશુપાલન)ની નોંધ પર મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિશાલ કુમાર)

ઉપસચિવ

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પશુપાલન)નું કાર્યાલય, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)નું કાર્યાલય, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(કૃષિ) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકની કચેરી, કૃષિભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, (ES-૧) એકાઉન્ટ જનરલ, અમદાવાદ(E&RS Audit) ગુજરાત, ત્રીજો માળ, ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
- એકાઉન્ટ જનરલશ્રી,(એ એન્ડ ઈ) રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(IT સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ.
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ શાખા
- પસંદગી ફાઈલ
- હુકમ ફાઈલ

<u>યોજના – ૧ પરિશિષ્ટ-૧ સામાન્ય શરતો અને બોલીઓ</u>

**યોજનાનું નામ : પશુપાલન ખાતાની સંસ્થાલક્ષી સહાય યોજનાઓ**

| | | |
|---|---|---|
| પ્રોજેક્ટનું નામ | : | Department of Animal Husbandry – Insitutional beneficiary schemes |
| ઘટકોની વિગત | : | રાજ્યની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે દૂધઘર/ગોડાઉન સહાય |

(૧) રાજ્યની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે દૂધઘર/ગોડાઉન સહાય યોજના માટે સહાયના ધોરણો (પરિશિષ્ટ ૧.૧) નીચેની શરતોને આધિન મળવાપાત્ર રહેશે.

(૨) આ યોજનાનો લાભ જીલ્લા રજીસ્ટ્રારશ્રી (સહકારી મંડળીઓ)ની કચેરી દ્વારા નોંધણી કરવામાં આવેલ રાજ્યના સામાન્ય વિસ્તારની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને આપવાનો રહેશે.

(૩) અરજદાર મંડળીએ આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા અરજી પત્રક સાથે સંબંધિત જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના મેનેજીંગ ડીરેક્ટરશ્રી પાસેથી સમાન હેતુ વાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ કોઈપણ સહાય મેળવેલ નથી કે દરખાસ્ત કરેલ નથી કે મંજુર થયેલ નથી તે બાબતનું પ્રમાણપત્ર/દાખલો મેળવી મંજૂરી અર્થે સંબંધિત જિલ્લા પંચાયતના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રીની કચેરીએ રજુ કરવાનું રહેશે.

(૪) જે સામાન્ય વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળી પોતાની માલિકીની જમીન ધરાવતી હોય અથવા **૧૦ વર્ષના** ભાડાપટ્ટે જમીન મેળવેલ હોય તેને દૂધઘર/ગોડાઉન ની સહાય માટે આવરી લેવાની રહેશે.

(૫) આ યોજનાના ઘટકો માટે સબંધિત નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત અમલીકરણ અધિકારી રહેશે.

(૬) સહાયના ચુકવણા માટેની ગ્રાન્ટ સંબંધિત જિલ્લા પંચાયતના ડીડીઓ પીએલએ ખાતે જમા કરવાની અને ડીડીઓ પીએલએમાંથી સંબંધિત જિલ્લા પંચાયત અને જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના સંયુક્ત ખાતામાંથી લાભાર્થી મંડળીને સહાય ચુકવવા માટે ફાળવી આપવાના રહેશે.

(૭) આ યોજના હેઠળના ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુ.ટી.સી.) સંબંધિત જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના મેનેજીંગ ડીરેક્ટરશ્રીએ નિયત નમૂનામાં પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે તેમજ સબસિડી સહિત થનારા ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડિટને લગતી કામગીરી કરવાની રહેશે.

(૮) જિલ્લા પંચાયતના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રીની કચેરીએ જે તે વર્ષમાં દૂધઘર/ગોડાઉન બાંધકામનો લાભ મેળવેલ સામાન્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની માહિતી જેવી કે મંડળીનું નામ, સહાયની રકમ, સહાયનું વર્ષ વિગેરે વિગતો નિભાવવાની રહેશે અને જયારે જરૂર પડે ત્યારે પશુપાલન નિયામકશ્રીની કચેરીને પુરી પાડવાની રહેશે.

(૯) આ યોજના હેઠળ સંબંધિત જિલ્લા પંચાયતના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રીની કચેરીએ દૂધ મંડળીની અરજી મંજૂર થયા બાદ સામાન્ય વિસ્તારની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીના દૂધઘર/ગોડાઉનના બાંધકામના તબક્કા દરમ્યાન સ્થળ મુલાકાત લેવાની રહેશે તેમજ બાંધકામ પૂર્ણ થયેથી ભૌતિક ચકાસણી કરવાની રહેશે.

(૧૦) લાભાર્થી દૂધ મંડળીએ તૈયાર થનાર એસેટ (દૂધઘર /ગોડાઉન) પર યોજનાનું નામ, યોજનાનું વર્ષ અને રાજ્ય સરકાર તરફથી મળેલ સહાયની રકમની વિગતો દર્શાવતું કાયમી લેબલ/તક્તી કોતરીને લખવાનું રહેશે

(૧૧) લાભાર્થી દૂધ મંડળીએ સ્થાપિત થયેલ દૂધઘર/ગોડાઉન ઘટકના સ્થળ પરના ફોટોગ્રાફ્સ, ડેડ સ્ટોકની વિગતો સાથે ભૌતિક ચકાસણી માટે સંબધિત જીલ્લાના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રીની કચેરીને રજુ કરવાના રહેશે.

(૧૨) લાભાર્થી દૂધ મંડળીએ દૂધઘર/ગોડાઉનનું બાંધકામ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન, આણંદ દ્વારા નિયત કરેલ ડીઝાઈન, ધારાધોરણ મુજબ તથા જે તે દૂધ સંઘના સિવિલ એન્જિનિયરની દેખરેખ હેઠળ કરવાનું રહેશે.

(૧૩) લાભાર્થી દૂધ મંડળીએ દૂધઘર/ગોડાઉનનું બાંધકામ દૂધ સંપાદન તથા દૂધ ચકાસણી માટે જરૂરી એવા બલ્ક મિલ્ક કૂલર, ઓટોમેટીક મિલ્ક કલેકેશન સિસ્ટીમ, દૂધ ભેળસેળ ચકાસણી મશીન વિગેરે જેવી સુવિધાની સ્થાપના કરી શકાય તેવું આદર્શ દૂધઘર મુજબનું તથા પશુ આહાર વ્યવસ્થિત સંગ્રહ કરી શકાય તેવી સુવિધા ધરાવતુ ગોડાઉન તૈયાર કરવાનુ રહેશે તથા યોજના હેઠળ મળવાપાત્ર સહાયની રકમ સિવાયનો ખર્ચ મંડળીએ પોતે ભોગવવાનો રહેશે.

(૧૪) કૃષિ અને સહકાર વિભાગના તા.૩૦.૧૨.૨૦૧૬ના સુધારા ઠરાવ ક્રમાંક સીડીએસ/૧૧/૨૦૧૫/૩૩૬૧/પી.૧ મુજબ,

(અ) પ્રસ્તુત યોજના હેઠળ બાંધકામ માટે ઈ-ટેન્ડરિંગમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

(બ) મંડળી એ દૂધ સંઘ દ્વારા અધિકૃત કરવામાં આવેલ સિવિલ એન્જિનિયરનું ધારાધોરણ

મુજબનું બાંધકામ થયાનું પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાનું રહેશે.

(ક) સંબંધિત નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રીની કચેરીએ દૂધ મંડળીને બાંધકામ પૂર્ણ થયે નહી, પરંતુ બાંધકામના પ્રમાણમાં પાયાનું બાંધકામ થયે ૩૫% રકમ, ધાબુ ભરાયા પછી ૩૫% રકમ અને સંપૂર્ણ બાંધકામ પૂર્ણ થયે બાંધકામ પૂર્ણ થયા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ૩૦%ના છેલ્લા હપ્તાની બાકીની રકમ ફાળવી આપવાની રહેશે.

(૧૫) અરજી પૂર્વમંજૂર (sanction) થયેથી ૧૮૦ દિવસની અંદર બાંધકામ શરૂ કરવાનું રહેશે તથા અરજી પૂર્વમંજૂર થયેથી ૧૮ મહિના (મહત્તમ બીજા નાણાંકીય વર્ષના અંત સુધી)માં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે. પરંતુ અરજી પૂર્વ મંજૂર થયેથી ૧૮ મહિનાના સમયગાળા (મહત્તમ બીજા નાણાંકીય વર્ષના અંત સુધી)માં બાંધકામ પૂર્ણ ન થાય તો અરજી બાકીની સહાય માટે માન્ય રહેશે નહિ.

(૧૬) દૂધઘર/ગોડાઉન બાંધકામ સહાય યોજના માટે જે ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની અરજી ચાલુ નાણાંકીય વર્ષમાં મંજૂર થયા બાદ બાંધકામ શરૂ કરેલ હોય પરંતુ બાંધકામ પૂર્ણ થયેલ ન હોય તેવી લાભાર્થી ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને આગામી નાણાંકીય વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાની શરતે સહાય મળવા પાત્ર રહેશે.

(૧૭) જે સામાન્ય વિસ્તારની દૂધ મંડળીને અગાઉ સરકારશ્રીની યોજના નીચે સમાન હેતુ/સમાન ઘટક માટે લાભ મળેલ હશે તે મંડળી આ યોજનાનો લાભ પુન: મેળવી શકશે નહી.

(૧૮) આ ઉપરાંત સરકારશ્રી તરફથી ઠરાવ થયે તેની જોગવાઇ તથા સરકારશ્રી તરફથી બહાર પાડવામાં આવતા વખતો વખતના આદેશો મુજબ પાલન કરવાનું રહેશે.

(૧૯) યોજનાનું અમલીકરણ આ સાથે સામેલ સહાયનું ધોરણ (પરિશિષ્ટ -૧.૧), કાર્યપદ્ધતિ (પરિશિષ્ટ -૨) તથા અરજીના નમુના (પરિશિષ્ટ -૩) મુજબ કરવાનું રહેશે.

**યોજના – ૧ પરિશિષ્ટ-૧.૧ સહાયના ધોરણો**

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | : | **પશુપાલન ખાતાની સંસ્થાલક્ષી સહાય યોજનાઓ** |
| **પ્રોજેક્ટનું નામ** | : | Department of Animal Husbandry – Insituational beneficiary schemes |
| **ઘટકોની વિગત** | : | રાજ્યની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે દૂધઘર/ગોડાઉન સહાય |

| **અ.નં.** | **ઘટકનું નામ** | **સહાયનું ધોરણ** | **રીમાર્કસ** | **ઘટકના પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમયમર્યાદા** |
|---|---|---|---|---|

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧. | રાજ્યની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે દૂધઘર/ગોડાઉન સહાય<br>(DMS-1) | એકમ કિંમત (રૂ.૧૦,૦૦,૦૦૦/- સુધી) કે ખરેખર સ્થાપના માટે થયેલ ખર્ચ પૈકી જે ઓછું હોય તેના ૫૦% ની મર્યાદામાં.<br>વધુમાં વધુ રૂ. ૫,૦૦,૦૦૦/- | લાભાર્થી મંડળીએ દૂધઘરની સ્થાપના ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશને નક્કી કરેલ આદર્શ દૂધઘરની ડિઝાઈન મુજબ કરવાની રહેશે. | આજીવન એક વખત |

**યોજના – ૧ પરિશિષ્ટ-૨ અમલીકરણ પધ્ધતિ**

**યોજનાનું નામ** : **પશુપાલન ખાતાની સંસ્થાલક્ષી સહાય યોજનાઓ**

: Department of Animal Husbandry – Insituational beneficiary schemes

**ઘટકોની વિગત** : રાજ્યની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે દૂધઘર/ગોડાઉન સહાય

**(૧) અરજીઓ મેળવવાની પધ્ધતિ :**

(ક) **જીલ્લા રજીસ્ટ્રારશ્રી (સહકારી મંડળીઓ)ની કચેરી દ્વારા રજીસ્ટર્ડ/નોંધણી** થયેલ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી/સંસ્થાના ચેરમેન/સેક્રેટરીએ આઈ ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરવાની રહેશે તથા અરજીની પ્રિન્ટ આઉટ પર સહી કરી, બિડાણમાં સામેલ જરૂરી આધાર પુરાવા સહ સંબંધિત જિલ્લા પંચાયતની નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રીની કચેરી ખાતે **દિન-૦૭માં** અરજી રજૂ કરવાની રહેશે **અથવા** ઓનલાઈન આઈ ખેડૂત પોર્ટલ પર જરૂરી બિડાણ સહિત સહી કરેલ અરજી અપલોડ કરી શકાશે.

(ખ) સબંધિત જીલ્લાના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રીએ નિયત સમયમર્યાદામાં કચેરી ખાતે રજૂ થયેલ અથવા આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અપલોડ થયેલ અરજીઓને પોતાના લોગીન એકાઉન્ટમાંથી ઓનલાઈન ઈનવર્ડ કરવાની રહેશે.

**(૨) અરજીઓની ચકાસણી :**

સબંધિત જીલ્લાના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રીએ આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન ઈનવર્ડ કરેલ અરજીઓને **દિન-૧૫માં** ચકાસણી કરી યોજનાની શરતો બોલીઓની જોગવાઈઓ અનુસાર દરેક અરજીની પાત્રતા/બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને આઈ ખેડૂત પોર્ટલના પોતાના login account માં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(૩) અરજીઓની મંજૂરી અંગેની કાર્યપદ્ધતિ :**

પાત્રતા ધરાવતી અરજીઓ સંબંધિત જિલ્લાના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રીએ તાત્કાલિક મંજૂર/નામંજૂર કરવાની કાર્યવાહી કરવાની રહેશે તેમજ મંજુરીપત્ર અને માર્ગદર્શિકા લાભાર્થી મંડળીને તેઓના સરનામે લેખિતમાં અથવા જરૂર જણાયે ઇમેઇલથી મોકલી આપવાની રહેશે તથા આઈ ખેડૂત પોર્ટલ પર પોતાના login accountમાં તાત્કાલિક મંજૂરીનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(૪) સહાય માટેની કાર્યપધ્ધતિ**

**(ક)** દૂધઘર/ગોડાઉન બાંધકામ માટે પૂર્વમંજૂર કરાયેલ અરજીઓની સંબંધિત લાભાર્થી મંડળીને જાણ થયેથી સત્વરે નિયમાનુસાર બાંધકામની કામગીરી શરૂ કરવાની રહેશે તથા તે અંગે સંબંધિત જિલ્લાના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી જિલ્લા પંચાયતને જાણ કરવાની રહેશે તેમજ

ઉત્તરોત્તર તબક્કાવાર થયેલ બાંધકામની સમયાંતરે જાણ કરી થયેલ ખર્ચની વિગતો આપવાની રહેશે.

**(ખ)** અમલીકરણ અધિકારીએ ( આઈ ખેડૂત પોર્ટલ ઉપર પોતાના લોગીન એકાઉન્ટમાં) લાભાર્થી મંડળી દ્વારા તબક્કાવાર રજૂ કરાયેલ બાંધકામની વિગતો મુજબ ચુકવણાંનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(પ) બાંધકામ સહાય માટે ચૂકવણાંની કાર્યપધ્ધતિ :**

આ યોજના હેઠળ અપાયેલ **<u>સંસ્થાકીય સહાયનાં</u>** ચૂકવણા માટે નીચે મુજબ તબક્કાવાર કામગીરીને આધીન ડીડીઓ પીએલએ માંથી સંબંધિત જિલ્લા પંચાયત અને જિલ્લા દૂધ ઉત્પાદ્ક સંઘના સંયુક્ત ખાતામાંથી લાભાર્થી મંડળીને સહાય ચુકવવા માટે ફાળવી આપવાના રહેશે.

**(ક)** મંડળી એ ડેરી સંઘ દ્વારા અધિકૃત કરવામાં આવેલ સિવિલ એન્જિનિયરનું ધારાધોરણ મુજબનું બાંધકામ થયાનું પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાનું રહેશે.

**(ખ)** બાંધકામ પૂર્ણ થયે નહી, પરંતુ બાંધકામના પ્રમાણમાં પાયાનું બાંધકામ થયે ૩૫% રકમ,

**(ગ)** ધાબુ ભરાયા પછી ૩૫% રકમ અને

**(ઘ)** સંપૂર્ણ બાંધકામ પૂર્ણ થયે બાંધકામ પૂર્ણ થયાનું સક્ષમ સત્તાધીકારીનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ૩૦%ના છેલ્લા હપ્તાની બાકીની રકમ ફાળવી આપવાની રહેશે.

**<u>યોજના – ૧ પરિશિષ્ટ-૩</u>**

**<u>ભાગ-૧ (અરજીનો નમૂનો)</u>**

(આ અરજીમાં સહી કરી બિડાણ સાથે નીચે જણાવેલ ઓફીસના સરનામે રજુ કરી પહોંચ અવશ્ય મેળવી લેવી)

મંડળીનું નામ:- ..................

ગામ:- ..................

તાલુકો-: .................. જિ-:................

તા.........

પ્રતિ,

મદદનીશ/નાયબ પશુપાલન નિયામક

જિલ્લા પંચાયત________________

**વિષય : રાજ્યની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે __________ સહાય મેળવવા મંજુરી મળવા બાબત**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અમારી ગ્રામ્ય_________ દૂધ ઉત્પાદક સહકારી મંડળી અમારા જિલ્લા ____________

સહકારી દૂધ ઉત્પાદક સંઘને સલગ્ન હોય રાજ્યના પશુપાલન ખાતા દ્વારા અમલી "ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ તેમજ પશુપાલકોને પશુપાલન માટે સહાયની પ્રોત્સાહક યોજનાનો" લાભ અમારી મંડળીને આપવા નમ્ર વિનંતિ છે.

ઉપરોક્ત યોજનામાં લાભ મેળવવા આ અરજી સાથે નીચે જણાવેલ દસ્તાવેજો/દાખલા સામેલ રાખી સાદર કરીએ છીએ તેમજ યોજના હેઠળની તમામ શરતો અને બોલીઓથી અમે વાકેફ છીએ. અમારી મંડળીનો ....................................... બેન્કમાં ................................................ ખાતા નંબર ધરાવીએ છીએ.

આથી હું સોગંદપૂર્વક જણાવું છું કે આ મંડળીમાં હાલ મંડળી પાસે પોતાનું DUDHGHAR/ Go-Down નથી. આ યોજના હેઠળ અગાઉ કયારેય લાભ લીધેલ નથી અને તેમજ સમાન હેતુવાળી અન્ય કોઈ યોજનામાં અગાઉ લાભ લીધો નથી કે દરખાસ્ત કરેલ નથી કે મંજુર થયેલ નથી એવું સંલગ્ન ડેરી સંઘના એમડીનું પ્રમાણપત્ર આ સાથે સામેલ કરેલ છે.

સહી

મંત્રી/ચેરમેન

ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી

**સામેલ:**

૧.બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક

૨. મંડળી પાસે ફેડરેશન દ્વારા માન્ય પ્લાન મુજબ દૂધઘર/ગોડાઉન માટે જરૂરી જમીનનો આધાર

૩. ડેરી સંઘના એમ.ડી.શ્રીનું પુન:લાભ ન મેળવવા/સમાન હેતુવાળી અન્ય કોઇ યોજનામાં લાભ ન મેળવ્યા અંગેનું પ્રમાણપત્ર

**ડેરી સંઘ એમ.ડી.નું પ્રમાણપત્ર**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી____________ગામ ............ તા.......... જિ. ........એ આ અગાઉ રાજ્યની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ તેમજ પશુપાલકોને પશુપાલન માટે સહાયની પ્રોત્સાહક યોજના કે સંલગ્ન સમાન હેતુંવાળી અન્ય કોઈ યોજનામાં ................. માટે અગાઉ લાભ મેળવેલ નથી.

સ્થળ :

તારીખ:

એમ. ડી.

જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. .......... જિ...........

**ભાગ-૨ ભલામણ:-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ....................ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીએ રાજ્યની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ તેમજ પશુપાલકોને પશુપાલન માટે સહાયની પ્રોત્સાહક યોજનામાં .......................................... (ઘટકનું નામ) સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સદર યોજનાના ઠરાવની શરતો-બોલીઓ મુજબ સહાય મેળવવા પાત્રતા ધરાવે છે / પાત્રતા ધરાવતા નથી. (પાત્રતાં ધરાવતાં ન હોય તેવા કિસ્સામાં કારણો)

સ્થળ :

તારીખ:

મદદનીશ/નાયબ પશુપાલન નિયામક

જિલ્લા પંચાયત________

**<u>ભાગ-૩ મંજુરીનો હુકમ:-</u>**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ....................ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી, ગામ……………………….,તા…………………………,જિ……………………એ………………………….. યોજનામાં ........... સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે. અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઈ નિયમાનુસાર યોજનાકીય સહાય ....................... ઘટક માટે પૂર્વ મંજૂર કરવા હુકમ કરવામાં આવે છે. આગળની કાર્યવાહી આ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબ કરવાની રહેશે.

સ્થળ :

તારીખ:

મદદનીશ/નાયબ પશુપાલન નિયામક

જિલ્લાપંચાયત________

**<u>ભાગ-૪: બાંહેધરી પત્રક :</u>**

આથી હું નીચે સહી કરનાર શ્રી /શ્રીમતિ/કુ ..................................., ગામ .............., તાલુકો……………… જિલ્લા ........................., ....................ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી નો/ની મંત્રી/ચેરમેન બાંહેધરી પૂર્વક જણાવું છું કે સદરહું યોજના હેઠળ ગુજરાત કૉ.ઓપ.મિલ્ક મર્કેટીંગ ફેડરેશન દ્વારા માન્ય પ્લાન મુજબ .................. નું સમય મર્યાદામાં બાંધકામ કરી બીલો સાથે સહાયનો દાવો રજુ કરીશ.

મંત્રી/ચેરમેનની સહી…….

(ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી)

**<u>પ્રમાણપત્ર</u>**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે .......................................... ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીએ………………………………. યોજના હેઠળ ........................ ......... ઘટકનું કરવામાં આવેલ બાંધકામની સ્થળ ચકાસણી કરતા, સદર બાંધકામ ગુજરાત કૉ.ઓપ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા માન્ય પ્લાન મુજબ દૂધ સંઘના એન્જીનીયરની દેખરેખ હેઠળ તથા યોજનાની શરતો અને બોલીઓ મુજબ બાંધકામ કરેલ છે જે બરાબર છે.

મદદનીશ/નાયબ પશુપાલન નિયામક

જિલ્લા પંચાયત________

**ભાગ-૫ (યોજના હેઠળની સહાયની રકમ ચૂકવવા માટેનો હુકમ)**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે __________ સામાન્ય જાતિ વિસ્તારની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીએ ............... યોજનામાં રાજ્યની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે ............................ (ઘટક) સહાયથી બાંધકામ સહાયની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોય નિયમાનુસાર યોજનાકીય સહાય રૂ........................ (અંકે.........................................................) મંજુર કરવામાં આવે છે . આ યોજનાની શરતો અને બોલીઓને આધીન તબક્કાવાર કામગીરી અને ચકાસણી મુજબ મળવાપાત્ર કુલ સહાયના............% લેખે રૂ........................ (અંકે................................................) સહાય આ લાભાર્થી મંડળી માટેના બેંક એકાઉન્ટ નંબર _________________માં સહાય ચુકવવા માટે ડીડીઓ પીએલએ માંથી સંબંધિત જિલ્લા પંચાયત અને જિલ્લા દૂધ ઉત્પાદ્ક સંઘના સંયુક્ત ખાતામાંથી લાભાર્થી મંડળીને સહાય ચુકવવા માટે ફાળવી આપવાના રહેશે.

સ્થળ:-

તા.

મદદનીશ / નાયબ પશુપાલન નિયામક

જિલ્લા પંચાયત,........................

**યોજના – ૨ પરિશિષ્ટ-૧ સામાન્ય શરતો અને બોલીઓ**

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | : | **પશુપાલન ખાતાની વ્યક્તિલક્ષી સહાય યોજનાઓ** |
| | : | Department of Animal Husbandry - Individual beneficiary schemes |
| **ઘટકની વિગત** | : | સામાન્ય જાતિના પશુપાલકોના ગાભણ પશુઓને (ગાય/ભેંસ) ખાણદાણ સહાય |

1. સામાન્ય જાતિના પશુપાલકોના ગાભણ પશુઓને (ગાય/ભેંસ) ખાણદાણ સહાય યોજના માટે સહાયના ધોરણો (પરિશિષ્ટ ૧.૧) નીચેની શરતોને આધિન મળવાપાત્ર રહેશે.
2. આ યોજનાનો લાભ રાજ્યના સામાન્ય જાતિના પશુપાલકોને આપવાનો રહેશે.
3. આ યોજનાના નિયંત્રણ અધિકારી પશુપાલન નિયામકશ્રી રહેશે.
4. આ યોજનાના ઘટકો માટે સબંધિત નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી, ઘનિષ્ઠ પશુસુધારણા યોજના (ઘ.પ.સુ.યો.) અમલીકરણ અધિકારી રહેશે.
5. અરજદાર પશુપાલકે (પરિશિષ્ટ ૨ મુજબ) આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કર્યાબાદ બિડાણ સહ અરજી પર દર્શાવેલ સરનામે રજુ કરવાની રહેશે અથવા ઓનલાઈન આઈ ખેડૂત પોર્ટલ પર બિડાણ સહ અપલોડ કરવાની રહેશે.
6. **યોજના અંતર્ગત તમામ જિલ્લાઓના વાર્ષિક સંકલિત લક્ષ્યાંકને ધ્યાને લઇ રાજ્ય સરકારશ્રી દ્વારા માન્ય થયેલ ખાણદાણના ભાવ મુજબ BIS Type 2 ખાણદાણ લાભાર્થીઓને સહાય માટે પુરૂ પાડવાનું રહેશે.**

7. સંબંધિત અમલીકરણ અધિકારીએ સહાયનો લાભ મેળવેલ લાભાર્થીનું નામ, સહાયની રકમ, સહાયનું વર્ષ વિગેરે વિગતો નિભાવવાની રહેશે અને જયારે જરૂર પડે ત્યારે પશુપાલન નિયામકશ્રીની કચેરીને પુરી પાડવાની રહેશે.
8. **ખાણદાણની ગુણવત્તા બાબતની સંપૂર્ણ જવાબદારી ખાણદાણ ઉત્પાદન/સપ્લાય કરનારની રહેશે.**
9. The Right of Persons with Disabilities Act, 2016ની Section-24 અને Section-37 ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દીવ્યાંગો (માન્ય પ્રમાણપત્ર ધરાવતા) ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.
10. યોજનાના સુચારૂ અમલીકરણ અંગેની સર્વ સત્તા તથા યોજનાના અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીને રહેશે,જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.
11. આ યોજનાની ગ્રાન્ટ પશુપાલન નિયામકશ્રીએ સંબંધિત ઘનિષ્ઠ પશુસુધારણા યોજનાની કચેરીને જમા કરવાની રહેશે.
12. ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુ.ટી.સી.) ઘનિષ્ઠ પશુસુધારણા યોજના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રીની કચેરીએ નિયત નમૂનામાં પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે તેમજ સબસિડી સહિત થનારા ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડિટને લગતી કામગીરી કરવાની રહેશે.
13. **આ યોજના હેઠળ ઘટકની ભૌતિક ચકાસણી તથા ગુણવતા નિયંત્રણ બાબતે NABL માન્યતા પાપ્ત પ્રયોગશાળાઓ દ્વારા રેન્ડમ સેમ્પલ ચકાસણી કર્યા બાદ અમલીકરણ અધિકારીએ આઈ ખેડૂત પોર્ટલ પર ચૂકવણાનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે તથા સંકલિત રકમનું ચુકવણું નિયત થયેલ એજન્સીને કરવાનું રહેશે.**
14. આ યોજનામાં ખાણદાણ વિતરણની બેગ ઉપર પશુપાલન નિયામકશ્રી દ્વારા નિયત કરેલ ડિઝાઈન પ્રદર્શિત કરવાની રહેશે.

**યોજના – ૨ પરિશિષ્ટ-૧.૧ સહાયના ધોરણો**

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | : | **પશુપાલન ખાતાની વ્યક્તિલક્ષી સહાય યોજનાઓ** |
| | : | Department of Animal Husbandry - Individual beneficiary schemes |
| **ઘટકોનીવિગત** | : | સામાન્ય જાતિના પશુપાલકોના ગાભણ પશુઓને (ગાય/ભેંસ) ખાણદાણ સહાય |

| **અ.નં.** | **ઘટકનુંનામ** | **સહાયનુંધોરણ** | **રીમાર્કસ** | **ઘટકના પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમયમર્યાદા** |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 1. | સામાન્ય જાતિના પશુપાલકોના ગાભણ પશુઓને (ગાય/ભેંસ) ખાણદાણ સહાય (DMS-1) | લાભાર્થી દીઠ કુલ ૧૫૦ કિગ્રા ખાણદાણ માટે ૧૦૦% લેખે સહાય | **રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ ખાણદાણના ભાવે BIS Type 2 ખાણદાણ વિતરણ કરવાનું રહેશે.** | વાર્ષિક પ્રતિ પશુ પ્રતિ પશુપાલક (કુટુંબ) દીઠ એક વખત |

**યોજના – ૨ પરિશિષ્ટ-૨અમલીકરણ પધ્ધતિ**

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | : | **પશુપાલન ખાતાની વ્યક્તિલક્ષી સહાય યોજનાઓ** |
| | : | Department of Animal Husbandry - Individual beneficiary schemes |
| **ઘટકોની વિગત** | : | સામાન્ય જાતિના પશુપાલકોના ગાભણ પશુઓને (ગાય/ભેંસ) ખાણદાણ સહાય |

**(૧) અરજીઓ મેળવવાની પધ્ધતિ :**

(ક) આઈ ખેડૂત પોર્ટલમાં અરજદાર પશુપાલકે ઓનલાઈન અરજી કરી પ્રિન્ટ આઉટ મેળવી સહી કરી, બિડાણમાં સામેલ જરૂરી આધાર પુરાવા સહ અરજી પર દર્શાવેલ સરનામે/કચેરી ખાતે **દિન-૦૭ માં** રજુ કરવાની રહેશે **અથવા** ઓનલાઈન આઈ ખેડૂત પોર્ટલ પર સહી કરેલ અરજી બિડાણ સહિત અપલોડ કરી શકશે.

(ખ) સંબંધિત અધિકારીએ નિયત સમયમર્યાદામાં કચેરી ખાતે રજૂ થયેલ **અથવા** આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અપલોડ થયેલ અરજીઓને પોતાના લોગીન એકાઉન્ટમાંથી ઓનલાઈન ઈનવર્ડ કરવાની રહેશે.

**(૨) અરજીઓની ચકાસણી :**

સબંધિત અધિકારીએ આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન ઈનવર્ડ કરેલ અરજીઓને સમયમર્યાદામાં ચકાસણી કરી યોજનાની શરતો બોલીઓની જોગવાઈઓ અનુસાર દરેક અરજીની પાત્રતા/બિનપાત્રતા નિર્ધારીત કરી ભલામણ સહ જીલ્લા કક્ષાની કચેરીએ અમલીકરણ અધિકારીને એલીજીબિલીટી/નોન એલીજીબિલીટીનું ઓનલાઈન આઈ ખેડૂત પોર્ટલ માં સ્ટેટસ અપડેટ કરવા રજૂ કરવાની રહેશે.

**(૩) અરજીઓની મંજૂરી અંગેની કાર્યપદ્ધતિ :**

પાત્રતા ધરાવતી અરજીઓ પૈકી સંબંધિત અમલીકરણ અધિકારીએ તાત્કાલિક મંજૂર/નામંજૂરની કાર્યવાહી કરવાની રહેશે તથા આઈ ખેડૂત પોર્ટલ પર તાત્કાલિક મંજૂરીનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(૪) સહાય માટેની કાર્યપધ્ધતિ**

**(ક) અમલીકરણ અધિકારીએ મંજૂર થયેલ લાભાર્થીઓની યાદી નિયત થયેલ દાણ સપ્લાય કરનારને મોકલી આપવાની રહેશે.**

(ખ) **અમલીકરણ અધિકારીએ મંજૂર થયેલ લાભાર્થીઓની યાદી મુજબ સપ્લાય કરેલ દાણના જથ્થાની ભૌતિક ચકાસણી કરવાની રહેશે.**

**(ગ) આ યોજના હેઠળ ઘટકની ભૌતિક ચકાસણી બાદ અમલીકરણ અધિકારીએ આઈ ખેડૂત પોર્ટલ ઉપર પોતાના લોગઈન એકાઉન્ટમાં ચૂકવણાનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે તથા સંકલિત રકમનું ચુકવણું નિયત થયેલ એજન્સીને કરવાનું રહેશે.**

**યોજના – ૨પરિશિષ્ટ-૩ ભાગ -૧ (અરજીનો નમૂનો)**

(આ અરજીમાં સહી કરી બિડાણ સાથે નીચે જણાવેલ ઓફીસના સરનામે રજુ કરી પહોંચ અવશ્ય મેળવી લેવી)

આ અરજી જે તે ઓફિસમાં એક અઠવાડીયામાં રજુ કરવાની રહેશે.

અરજદારનુંનામ: ..............

ગામ ..........

જીલ્લો ....... તા. ...........

તારીખ ...........

પ્રતિ,

મદદનીશ પશુપાલન નિયામક,

ઘ.પ.સુ.યો. જુથ મથક _______

જીલ્લો ...... તા.......

વિષય: સામાન્ય જાતીના પશુપાલકોના ગાભણ પશુઓને (ગાય/ભેંસ) ખાણદાણ સહાય મેળવવા મંજૂરી મળવા બાબત.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુંકે, હું નીચે સહી કરનાર શ્રી/શ્રીમતિ/કુ..............................................,ગામ...................., તાલુકો..................................., જિલ્લો ..................................નો/ની રહેવાસી છું અને ............... વર્ગનો/ની પશુપાલક છું. હાલ હું ...................................... દૂધ મંડળીનો સભાસદ છું. હાલ મારી પાસે ગાય વર્ગના......................, ભેંસ વર્ગના................તેમજ અન્ય...................વર્ગ ના...........એમ કુલ............પશુઓ છે , અને મારો બારકોડેડ રેશનકાર્ડ નં.......................છે, મારો મોબાઇલ નંબર.................................... છે.

હું મારી ગાય/ભેંસ, ઓળખ માટેનો કાન ઉપર કડી નંબર .................. (જો હોય તો) માટે ઉપરોક્ત યોજનામાં લાભ મેળવવા આ અરજી સાથે નીચે જણાવેલ દસ્તાવેજો/દાખલા સામેલ રાખી સાદર કરૂ છું તેમજ યોજના હેઠળની તમામ શરતો અને બોલીઓથી વાકેફ છુ. તો અરજી ગ્રાહ્ય રાખવા વિનંતી છે.

આથી હું સોગંદપૂર્વક જણાવું છું કે મેં આ યોજના હેઠળ છેલ્લે ...........વર્ષમાં લાભ લીધેલ છે / કયારેય લાભ લીધેલ નથી

પશુપાલકની સહી

સામેલ:

૧. બારકોડેડ રેશનકાર્ડની નકલ

૨. સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્રની નકલ

૩ . કૃત્રિમ બિજદાન/ કુદરતી સવર્ધન રીતે પશુ ફેળવ્યાનું પ્રમાણપત્ર

૪. પશુનું ગર્ભ પરિક્ષણ અંગેનું પ્રમાણપત્ર

૫. સક્ષમ અધિકારીશ્રીનું દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્રની નકલ (ફક્ત દિવ્યાંગો માટે)

## કૃત્રિમ બીજદાનનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી/શ્રીમતી.................................. રહેવાસી........તાલુકો..... જીલ્લો.......... ના પશુ ગાય/ભેંસ, ઓળખ માટેનો કાન ઉપર કડી નંબર (જો હોય તો)

................. છે. આ ગાય/ભેંસ નું કૃત્રિમ બીજદાન તારીખ .......... ના રોજ ............... સંસ્થા દ્વારા કરવામાં આવેલ છે. જેની રેકર્ડ પરથી ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ: કૃત્રિમ બીજદાન કરનારની સહી

તારીખ: હોદ્દો:

**અથવા**

**<u>કુદરતી સંવર્ધનથી ફેળવ્યા અંગેનું પ્રમાણપત્ર</u>**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતી......................... રહેવાસી.......... તાલુકો ............ જિલ્લો..........ના પશુ ગાય/ભેંસ, ઓળખ માટેનો કાન ઉપર કડી નંબર (જો હોય તો).................. છે. આ ગાય/ભેંસ કુદરતી સંવર્ધનથી તારીખ...........ના રોજ ફેળવેલ છે.

સ્થળ: પશુ માલિકની સહી

તારીખ:

<u>ગર્ભ પરીક્ષણનું પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતી......................... રહેવાસી.......... તાલુકો ............ જિલ્લો..........ના પશુ ગાય/ભેંસ,ઓળખ માટેનો કાન ઉપર કડી નંબર (જો હોય તો)..................

.................. છે. આ ગાય/ભેંસ............માસનું ગાભણ માલુમ પડેલ છે. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ: ગર્ભ પરીક્ષણ કરનાર સરકારી કર્મચારીની સહી તારીખ: હોદ્દો:

**ઉપકેન્દ્ર પશુધન નિરિક્ષકનું પ્રમાણપત્ર (ગાભણ પશુઓને ખાણદાણ)**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતિ/કુ.............................................., ગામ............................., તા......................, જિ.........................એ ......................... યોજનામાં (ઘટકનું નામ) સહાયની માંગણી મુજબની અરજીની તમામ વિગતો ચકાસવામાં આવી છે અને ગર્ભ પરિક્ષણ અંગેનું પ્રમાણપત્ર આ સાથે સામેલ છે.

**પશુધન નિરિક્ષક**

**ઉપ કેન્દ્ર__________**

**તા.______જી. _____**

**-: ભાગ-૨ ભલામણ :-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવેછે કે શ્રી/શ્રીમતિ/કુ...................................................... ગામ............................તા.................,જિ........................એ...................................યોજનામાં (ઘટકનું નામ) સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે. આ અગાઉ સદર હું યોજના કે સંલગ્ન સમાન હેતુંવાળી અન્ય કોઈ યોજનામાં લાભ લીધેલ નથી અને યોજનાના ઠરાવની શરતો-બોલીઓ મુજબ સહાય મેળવવા પાત્રતા ધરાવે છે / ધરાવતા નથી ( પાત્રતા ધરાવતા ન હોય તેવા કિસ્સામાં કારણો).

સ્થળ: મદદનીશ પશુપાલન નિયામક,

તારીખ: ઘ.પ.સુ.યો. જુથ મથક..............

તા......... જીલ્લો.........

**ભાગ-૩ - મંજુરીનો હુકમ:-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતિ/કુ......................................., ગામ...........................,તા..............................,જિ........................એ... .................... યોજનામાં (ઘટકનું નામ) સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે. અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોય નિયમાનુસાર યોજનાકીય સહાય ઘટક ................ માટે મંજૂર કરવા હુકમ કરવામાં આવે છે. આગળની કાર્યવાહી આ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબ કરવાની રહેશે.

સ્થળ :

તારીખ: નાયબ/મદદનીશ પશુપાલન નિયામક

ધ.પ.સુ.યો.________

**ભાગ-૪ (યોજના હેઠળની સહાયની રકમ ચૂકવવા માટેનો હુકમ)**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે લાભાર્થી (શ્રી/શ્રીમતિ/કુ…………., ગામ…………., તા………………,જિ………….)ને ........................ યોજનામાં સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે તથા નિયમાનુસાર સહાય પેટે મળવાપાત્ર ખાણદાણ રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ એજન્સી……………………..(એજન્સીનું નામ) પાસેથી ........................ કચેરી મારફતે પુરૂ પાડવામાં આવેલ છે. જેથી ચુકવવાપાત્ર યોજનાકીય સહાયની રકમ રૂ………………………….(અંકે………………………………) રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ એજન્સીના………………………………… બેંકના એકાઉન્ટ નંબર ______________________માં ........................ કચેરીએ સદરહુ રકમ જમા કરાવવાની રહેશે.

સ્થળ :

તારીખ: મદદનીશ/નાયબ પશુપાલન નિયામક

ધ.પ.સુ.યો.,……………………..

**<u>યોજના – ૩ પરિશિષ્ટ-૧ સામાન્ય શરતો અને બોલીઓ</u>**

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | : | **પશુપાલન ખાતાની વ્યક્તિલક્ષી સહાય યોજનાઓ** |
| | : | Department of Animal Husbandry - Individual beneficiary schemes |
| **ઘટકની વિગત** | : | સામાન્ય જાતિના પશુપાલકોના પશુઓ(ગાય/ભેંસ)ના વિયાણ બાદ ખાણદાણ સહાય |

1. સામાન્ય જાતિના પશુપાલકોના પશુઓ(ગાય/ભેંસ)ના વિયાણ બાદ ખાણદાણ સહાય યોજના માટે સહાયના ધોરણો (પરિશિષ્ટ ૧.૧) નીચેની શરતોને આધિન મળવાપાત્ર રહેશે.
2. આ યોજનાનો લાભ રાજ્યના તમામ સામાન્ય જાતિના પશુપાલકોને આપવાનો રહેશે.
3. આ યોજનાના નિયંત્રણ અધિકારી પશુપાલન નિયામકશ્રી રહેશે.
4. આ યોજનાના ઘટકો માટે સબંધિત નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત કચેરી અમલીકરણ અધિકારી રહેશે.
5. અરજદાર પશુપાલકે (પરિશિષ્ટ ૨ મુજબ) આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કર્યાબાદ બિડાણ સહ અરજી પર દર્શાવેલ સરનામે રજુ કરવાની રહેશે અથવા ઓનલાઈન આઈ ખેડૂત પોર્ટલ પર બિડાણ સહ અપલોડ કરવાની રહેશે.
6. આ યોજનામાં લાભ લેવા માટે પશુપાલકે પશુ (ગાય/ભેંસ)ના વિયાણ થયા બાદ વધુમાં વધુ ૬૦ દિવસ સુધીમાં આઈ ખેડૂત પોર્ટલ પરની સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.
7. અરજદાર પશુપાલકે અરજી સાથે પશુના વિયાણ થયા અંગે ખરાઈનું પ્રમાણપત્ર સંબંધિત જિલ્લા પંચાયત કચેરી અથવા રાજ્યકક્ષાની કચેરીના સરકારી પશુધન નિરિક્ષક પાસેથી મેળવી રજૂ કરવાનું રહેશે.
8. **યોજના અંતર્ગત તમામ જિલ્લાઓના વાર્ષિક સંકલિત લક્ષ્યાંકને ધ્યાને લઈ રાજ્ય સરકારશ્રી દ્વારા માન્ય થયેલ ખાણદાણના ભાવ મુજબ BIS Type 2 ખાણદાણ લાભાર્થીઓને સહાય માટે પુરૂ પાડવાનું રહેશે.**
9. સંબંધિત અમલીકરણ અધિકારીએ સહાયનો લાભ મેળવેલ લાભાર્થીનું નામ, સહાયની રકમ, સહાયનું વર્ષ વિગેરે વિગતો નિભાવવાની રહેશે અને જયારે જરૂર પડે ત્યારે પશુપાલન નિયામકશ્રીની કચેરીને પુરી પાડવાની રહેશે.
10. **ખાણદાણની ગુણવત્તા બાબતની સંપૂર્ણ જવાબદારી ખાણદાણ ઉત્પાદન/સપ્લાય કરનારની રહેશે.**

11. The Right of Persons with Disabilities Act, 2016ની Section-24 અને Section-37 ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દીવ્યાંગો (માન્ય પ્રમાણપત્ર ધરાવતા)ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

12. પશુપાલન નિયામકશ્રીની કચેરીએ સદર યોજનાની ગ્રાન્ટ સંબંધિત જિલ્લા પંચાયતના ડીડીઓ પીએલએ ખાતે જમા કરવાની રહેશે.

13. ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુ.ટી.સી.) સંબંધિત જિલ્લા પંચાયત કચેરીના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રીએ નિયત નમૂનામાં પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે તેમજ સબસિડી સહિત થનારા ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડિટને લગતી કામગીરી કરવાની રહેશે.

14. આ યોજનામાં ખાણદાણ વિતરણની બેગ ઉપર પશુપાલન નિયામકશ્રી દ્વારા નિયત કરેલ ડિઝાઈન પ્રદર્શિત કરવાની રહેશે.

15. **આ યોજના હેઠળ ઘટકની ભૌતિક ચકાસણી તથા ગુણવતા નિયંત્રણ બાબતે NABL માન્યતા પાપ્ત પ્રયોગશાળાઓ દ્વારા રેન્ડમ સેમ્પલ ચકાસણી કર્યા બાદ અમલીકરણ અધિકારીએ આઈ ખેડૂત પોર્ટલ પર ચૂકવણાનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે તથા સંકલિત રકમનું ચુકવણું નિયત થયેલ એજન્સીને કરવાનું રહેશે**

<u>યોજના – ૩ પરિશિષ્ટ-૧.૧ સહાયના ધોરણો</u>

**યોજનાનું નામ** : **પશુપાલન ખાતાની વ્યક્તિલક્ષી સહાય યોજનાઓ**

: Department of Animal Husbandry - Individual beneficiary schemes

**ઘટકોનીવિગત** : સામાન્ય જાતિના પશુપાલકોના પશુઓ(ગાય/ભેંસ)ના વિયાણ બાદ ખાણદાણ સહાય

| **અ.નં.** | **ઘટકનુંનામ** | **સહાયનુંધોરણ** | **રીમાર્કસ** | **ઘટકના પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમયમર્યાદા** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧. | સામાન્ય જાતિના પશુપાલકોના પશુઓ(ગાય/ભેંસ)ના વિયાણ બાદ ખાણદાણ સહાય (DMS-1) | લાભાર્થી દીઠ કુલ ૧૫૦ કિગ્રા ખાણદાણ માટે ૧૦૦% લેખે સહાય | **રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ ખાણદાણના ભાવે BIS Type 2 ખાણદાણ વિતરણ કરવાનું રહેશે.** | પશુપાલક (કુટુંબ) દીઠ એક પશુના વિયાણ પર વર્ષમાં એક વખત |

<u>યોજના – ૩ પરિશિષ્ટ-૨ અમલીકરણ પધ્ધતિ</u>

**યોજનાનું નામ** : **પશુપાલન ખાતાની વ્યક્તિલક્ષી સહાય યોજનાઓ**

: Department of Animal Husbandry - Individual beneficiary schemes

**ઘટકોની વિગત** : સામાન્ય જાતિના પશુપાલકોના પશુઓ(ગાય/ભેંસ)ના વિયાણ બાદ ખાણદાણ સહાય

**(૧) અરજીઓ મેળવવાની પધ્ધતિ :**

(ક) આઈ ખેડૂત પોર્ટલમાં અરજદાર પશુપાલકે ઓનલાઈન અરજી કરી પ્રિન્ટ આઉટ મેળવી સહી કરી, બિડાણમાં સામેલ જરૂરી આધાર પુરાવા સહ અરજી પર દર્શાવેલ સરનામે /કચેરી ખાતે **દિન-૦૭ માં** રજુ કરવાની રહેશે **અથવા** ઓનલાઈન આઈ ખેડૂત પોર્ટલ પર સહી કરેલ અરજી બિડાણ સહિત અપલોડ કરી શકશે.

(ખ) સંબંધિત અધિકારીએ નિયત સમયમર્યાદામાં કચેરી ખાતે રજૂ થયેલ **અથવા** આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અપલોડ થયેલ અરજીઓને પોતાના લોગીન એકાઉન્ટમાંથી ઓનલાઈન ઈનવર્ડ કરવાની રહેશે.

**(૨) અરજીઓની ચકાસણી :**

સંબંધિત અધિકારીએ આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન ઈનવર્ડ કરેલ અરજીઓને **સમયમર્યાદામાં** ચકાસણી કરી યોજનાની શરતો બોલીઓની જોગવાઈઓ અનુસાર દરેક અરજીની પાત્રતા/બિનપાત્રતા નિર્ધારીત કરી ભલામણ સહ જીલ્લા કક્ષાની કચેરીએ અમલીકરણ અધિકારીને એલીજીબિલીટી/નોન એલીજીબિલીટીનું ઓનલાઈન આઈ ખેડૂત પોર્ટલ માં સ્ટેટસ અપડેટ કરવા રજૂ કરવાની રહેશે.

**(૩) અરજીઓની મંજૂરી અંગેની કાર્યપદ્ધતિ :**

પાત્રતા ધરાવતી અરજીઓ સંબંધિત અમલીકરણ અધિકારીએ તાત્કાલિક મંજૂર/નામંજૂરની કાર્યવાહી કરવાની રહેશે તથા આઈ ખેડૂત પોર્ટલ પર મંજૂરીનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(૪) સહાય માટેની કાર્યપધ્ધતિ**

**(ક) અમલીકરણ અધિકારીએ મંજૂર થયેલ લાભાર્થીઓની યાદી નિયત થયેલ દાણ સપ્લાય કરનારને મોકલી આપવાની રહેશે.**

**(ખ) અમલીકરણ અધિકારીએ મંજૂર થયેલ લાભાર્થીઓની યાદી મુજબ સપ્લાય કરેલ દાણના જથ્થાની ભૌતિક ચકાસણી કરવાની રહેશે.**

**(ગ) આ યોજના હેઠળ ઘટકની ભૌતિક ચકાસણી બાદ અમલીકરણ અધિકારીએ આઈ ખેડૂત પોર્ટલ ઉપર પોતાના લોગઈન એકાઉન્ટમાં ચૂકવણાનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે તથા સંકલિત રકમનું ચુકવણું નિયત થયેલ એજન્સીને કરવાનું રહેશે.**

**યોજના – ૩ પરિશિષ્ટ-૩**

**ભાગ -૧ (અરજીનો નમૂનો)**

(આ અરજીમાં સહી કરી બિડાણ સાથે નીચે જણાવેલ ઓફીસના સરનામે રજુ કરી પહોંચ અવશ્ય મેળવી લેવી)

આ અરજી જે તે ઓફિસમાં એક અઠવાડીયામાં રજુ કરવાની રહેશે.

અરજદારનુંનામ: .............

ગામ ..........

જીલ્લો ....... તા. ...........

તારીખ ...........

પ્રતિ,

પશુ ચિકિત્સા અધિકારી,

પશુ દવાખાના ............

જીલ્લો ...... તા.......

વિષય: સામાન્ય જાતિના પશુપાલકોના પશુઓ(ગાય/ભેંસ)ના વિયાણ બાદ ખાણદાણ સહાય મેળવવા મંજૂરી મળવા બાબત.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુંકે, હું નીચે સહી કરનાર શ્રી/શ્રીમતિ/કુ...........................................,ગામ...................., તાલુકો..................................., જિલ્લો .................................નો/ની રહેવાસી છું અને .............. વર્ગનો/ની પશુપાલક છું. હાલ હું ..................................... દૂધ મંડળીનો સભાસદ છું. હાલ મારી પાસે ગાય વર્ગના......................., ભેંસ વર્ગના.................તેમજ અન્ય....................વર્ગ ના............એમ કુલ............પશુઓ છે , અને મારો બારકોડેડ રેશનકાર્ડ નં.......................છે, મારો મોબાઇલ નંબર.................................... છે.

હું મારી ગાય/ભેંસ, ઓળખ માટેનો કાન ઉપર કડી નંબર ................. (જો હોય તો) માટે ઉપરોક્ત યોજનામાં લાભ મેળવવા આ અરજી સાથે નીચે જણાવેલ દસ્તાવેજો/દાખલા સામેલ રાખી સાદર કરૂ છું તેમજ યોજના હેઠળની તમામ શરતો અને બોલીઓથી વાકેફ છુ. તો અરજી ગ્રાહ્ય રાખવા વિનંતી છે.

આથી હું સોગંદપૂર્વક જણાવું છું કે મેં આ યોજના હેઠળ છેલ્લે ...........વર્ષમાં લાભ લીધેલ છે / કયારેય લાભ લીધેલ નથી

પશુપાલકની સહી

સામેલ:

૧. બારકોડેડ રેશનકાર્ડની નકલ

૨. સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્રની નકલ

૩ . પશુ વિયાણ થયા અંગેનું સંબંધિત સરકારી પશુધન નિરિક્ષક (જિલ્લા પંચાયત અથવા રાજ્યકક્ષા કચેરી) નું પ્રમાણપત્ર

૪. સક્ષમ અધિકારીશ્રીનું દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્રની નકલ (ફક્ત દિવ્યાંગો માટે)

**પશુ વિયાણ થયા અંગેનું સરકારી પશુધન નિરિક્ષકનું પ્રમાણપત્ર**

(જિલ્લા પંચાયત અથવા રાજ્યકક્ષા કચેરી)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતિ/............................................., રહેવાસી............................, તા......................, જિ........................ના પશુ ગાય/ભેંસના ઓળખ માટેનો કાન ઉપર કડી નંબર (જો હોય તો) .......................... છે અને આ પશુનું ...........દિવસ પહેલા વિયાણ થયેલ છે જેની ખરાઈ કર્યા બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

વિયાણની ખરાઈ કરનાર સરકારી પશુધન નિરિક્ષક (જિલ્લા પંચાયત અથવા રાજ્યકક્ષા કચેરી)ની સહી

હોદ્દો:

**-: ભાગ-૨ ભલામણ :-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતિ/કુ…………………………………………………ગામ………………………તા…………….,જિ……………………એ…… ............................યોજનામાં (ઘટકનું નામ) સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે. આ અગાઉ સદર હું યોજના કે સંલગ્ન સમાન હેતુંવાળી અન્ય કોઈ યોજનામાં લાભ લીધેલ નથી અને યોજનાના ઠરાવની શરતો-બોલીઓ મુજબ સહાય મેળવવા પાત્રતા ધરાવે છે / ધરાવતા નથી (પાત્રતા ધરાવતા ન હોય તેવા કિસ્સામાં કારણો).

સ્થળ: પશુ ચિકિત્સા અધિકારીની સહી

તારીખ: પશુ દવાખાના : -

**ભાગ-૩ - મંજુરીનો હુકમ:-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતિ/કુ…………………………………, ગામ………………………,તા…………………………,જિ……………………એ… ………………… યોજનામાં (ઘટકનું નામ) સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે. અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોય નિયમાનુસાર યોજનાકીય સહાય ઘટક ................ માટે મંજૂર કરવા હુકમ કરવામાં આવે છે.

સ્થળ :

તારીખ: નાયબ/મદદનીશ પશુપાલન નિયામક

જિલ્લા પંચાયત ________

**ભાગ-૪ (યોજના હેઠળની સહાયની રકમ ચૂકવવા માટેનો હુકમ)**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે લાભાર્થી (શ્રી/શ્રીમતિ/કુ…………., ગામ…………..,તા……………….,જિ………….)ને……………………..યોજનામાં સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે તથા નિયમાનુસાર સહાય પેટે મળવાપાત્ર ખાણદાણ જી.સી.એમ.એમ.એફ.,આણંદ દ્વારા .........................જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ મારફતે પુરૂ પાડવામાં આવેલ છે. જેથી ચુકવવાપાત્ર યોજનાકીય સહાયની રકમ રૂ. ................(અંકે…………………)જી.સી.એમ.એમ.એફ.,આણંદના…………………………………બેંકના એકાઉન્ટ નંબર………………માં ......................... કચેરીએ સદરહુ રકમ જમા કરાવવાની રહેશે.

સ્થળ :

તારીખ: નાયબ/મદદનીશ પશુપાલન નિયામક

જિલ્લા પંચાયત ________